# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, ભુજ

**Date : 09-02-2025 Day: Wednesday Morning : 6.50 to 6.55 am**

આકાશવાણી ભુજ સમાચાર **શીતલ વૈશ્નવ** વાંચે છે.

---

## પોષણ પખવાડીયા-2025:

મહિલા અને બાળ વિકાસમંત્રી ભાનુબેન બાબરીયાએ ગાંધીનગર ખાતેથી 'પોષણ પખવાડિયા ૨૦૨૫'નો રાજ્યવ્યાપી શુભારંભ કર્યો હતો.

આ પ્રસંગે શ્રીમતી બાબરિયાએ જણાવ્યું કે કહ્યું, સગર્ભા સ્ત્રી, માતાઓ અને બાળકોને પોષણયુક્ત આહાર મળી રહે તે માટે રાજ્ય સરકાર પ્રયત્નશીલ છે. સ્વસ્થ જીવન માટે પોષણ ખૂબ જ મહત્વનું પરિબળ હોવાનું જણાવતા, તેમણે કહ્યું કે, ઉચ્ચ અધિકારીઓથી આંગણવાડી કાર્યકરો એમ સૌના પ્રયાસથી ગુજરાત સુપોષિત બનશે. સૌના સામૂહિક પ્રયાસથી, "સુપોષિત ગુજરાત"ના નિર્માણ માટે પ્રતિબદ્ધ બનવા તેમણે આહવાન કર્યું હતું. આ કાર્યક્રમમાં મંત્રીશ્રીના હસ્તે ભુલકાઓને અન્નપ્રાશન તથા સગર્ભા અને ધાત્રી માતાઓને પોષણ કીટનું વિતરણ કરવામાં આવ્યું હતું.

---------------------------------------------------------------------------

## કેન્દ્રિય. કાર્યકારિણી સમિતિ:

કોંગ્રેસની સર્વોચ્ચ નિર્ણય લેતી વિસ્તૃત કેન્દ્રીય કાર્યકારિણી સમિતિની બેઠક અમદાવાદમાં સરદાર વલ્લભભાઈ પટેલ રાષ્ટ્રીય સ્મારક ખાતે યોજાઈ હતી. કોંગ્રેસના વરિષ્ઠ નેતા અને AICCના મહાસચિવ કે.સી. વેણુગોપાલે જણાવ્યું હતું કે આ બેઠકમાં પક્ષને લગતી અનેક ચર્ચાઓ થઈ હતી. તેમણે કહ્યું કે પાર્ટીના સભ્યોએ સરદાર વલ્લભભાઈ પટેલ અંગે એક વિશેષ ઠરાવ પસાર કર્યો હતો. આજે સાબરમતી રિવરફ્રન્ટ ખાતે યોજાનાર AICC સત્ર અંગે કોંગ્રેસ નેતા

જયરામ રમેશે જણાવ્યું હતું કે તેમાં રાષ્ટ્રીય રાજકારણ અને ગુજરાતની રાજકીય પરિસ્થિતિ અંગે ચર્ચા થશે.

---

## સ્ટેમ્પ ડ્યુટીમાં ઘટાડો:

રાજ્ય સરકારે વિવિધ પ્રકારની સ્ટેમ્પ ડ્યુટીમાં ઘટાડો કરવાની જાહેરાત કરી છે. નવા સુધારા આગામી 10 એપ્રિલથી અમલી બનશે.

રાજ્ય સરકારના પ્રવક્તા ઋષિકેશ પટેલે માહિતી આપતા જણાવ્યું કે સ્ટેમ્પ ડ્યુટી કાયદાના અમલમાં સરળતા લાવવા આ નિર્ણય કરાયો છે, જે મુજબ વડીલોપાર્જિત મિલકતના કિસ્સામાં અવસાન પામેલ પુત્રીના વારસદારો દ્વારા કરાતા હક્ક કમીનો દસ્તાવેજ હવે 200 રૂપિયાની સ્ટેમ્પ ડ્યુટી ભરીને કરી શકાશે. આ સાથે એક કરોડ રૂપિયા સુધીની લોનની રકમ ઉપર મહત્તમ 5 હજાર રૂપિયાની મર્યાદામાં સ્ટેમ્પ ડ્યુટી ભરપાઇ કરવાની રહેશે. આ ઉપરાંત વધારાની જામીનગીરીના કિસ્સામાં હવેથી ફિક્સ 5 હજાર રૂપિયાની ડ્યુટી ભરપાઇ કરવાની રહેશે.

---

## બિનખેતી પ્રીમિયમ:

રાજ્યમાં નવી, અવિભાજ્ય અને પ્રતિબંધિત સત્તા પ્રકારની જમીનોના બિન ખેતી માટે હવે કોઈ પણ પ્રકારનું પ્રીમિયમ ભરવાનું રહેશે નહીં.

રાજ્ય સરકારના પ્રવક્તા મંત્રી ઋષિકેશ પટેલે જણાવ્યું કે, ગ્રામ્ય તથા નગરપાલિકા વિસ્તારની ખેતી હેતુ માટેની નવી, અવિભાજ્ય કે પ્રતિબંધિત શરતની જમીનો હવેથી જૂની શરતની ગણાશે.

અન્ય એક મહત્વના નિર્ણય પ્રમાણે, ખેતીની જમીનની વેચાણ નોંધ પ્રમાણિત કરતી વખતે ખેડૂત ખરાઈની ચકાસણીમાં તથા મૂળથી જૂની શરત/ બિનખેતી માટે પ્રિમિયમને પાત્ર

હોય તેવી જમીનો માટે બિનખેતીમાં ફેરવવાની અરજદારની અરજી આવે ત્યારે ખેડૂત ખરાઈના હેતુસર અરજીની તારીખથી ૨૫ વર્ષ પહેલાના રેકર્ડને ધ્યાને લેવાનું રહેશે નહીં.

---

## વિશ્વ નવકાર મહામંત્ર દિવસ:

વિશ્વ કલ્યાણની ભાવના પ્રબળ બનાવવા આજે વિશ્વ નવકાર મહામંત્ર દિવસ ઉજવાશે. વિશ્વના એકસો થી વધુ દેશોનાં કરોડો લોકો નવકાર મહામંત્રનાં જાપ કરી વિશ્વ વિક્રમ સર્જશે. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી દિલ્હી થી તેમજ  ગુજરાત સહિત નવ રાજ્યોનાં મુખ્ય મંત્રીઓ વિવિધ સ્થળે થી જોડાશે. ઉપરાંત એકસોથી વધુ અનુષ્ઠાન અને  6 હજાર થી વધુ દેરાસર અને સ્થાનક પર આ કાર્યક્રમનું લાઈવ પ્રસારણ દેરાસરો,ઉપાશ્રયો તથા વિવિધ જગ્યાએ કરાશે. કચ્છમાં ભુજ સહિત વિવિધ તાલુકાઓમાં  આ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યુ છે.

---

## શાળાના સમયમાં ફેરફાર:

સમગ્ર રાજ્યની સાથે હાલ કચ્છમાં પણ ગરમીનું કાળઝાળ મોજુ ફરી વળ્યુ છે.ત્યારે હીટવેવથી વધુ ગરમી અને પાણીની સમસ્યાને કારણે  કચ્છ જિલ્લાની તામમ પ્રાથમિક શાળાઓના સમયમાં  ફેરફાર કરવામાં આવ્યો છે. જે મુજબ  વિધાર્થીઓ તેમજ શિક્ષકો માટે શાળાનો સમય સવારના 7:10 થી 11:40 સુધીનો કરાયો  છે.ઉપરાંત તમામ શાળાઓ સવારની પાળીમાં જ ચલાવવાની રહેશે. આ ફેરફાર ફક્ત હિટવેવના સમયગાળા માટે જ છે. આ સમયગાળો પુર્ણ થયેથી રાબેતા મુજબ શાળાનો સમય ચલાવવાનો રહેશે તેવુ તાલુકાની તમામ શાળાઓ માટે  જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીની એક યાદીમાં જણાવાયુ છે.

---

## IPL-શ્રેણી:

ગુજરાત  ટાઇટન્સ અને રાજસ્થાન રોયલ્સ વચ્ચે આઇ.પી.એલ શ્રેણીમાં આજે મુકાબલો થશે. આ મેચ આજે સાંજે સાડા સાત વાગ્યે અમદાવાદનાં નરેન્દ્ર  મોદી સ્ટેડિયમ પર શરૂ થશે.

---------------------------------------------------------------------------

## હવામાન:

કચ્છમાં ચૈત્ર માસની ભીષણ ગરમીએ જનજીવનને અસ્તવ્યસ્ત કરી નાખ્યું છે. કંડલા એરપોર્ટમાં સતત બીજા દિવસે તાપમાન 45 ડિગ્રીથી ઉપર નોંધાયું છે. આ સાથે અંજાર-ગાંધીધામ સંકુલનું તાપમાન 43.4 પહોંચતા રાજસ્થાનના બાડમેર પછી દેશનું બીજુ સૌથી ગરમ સ્થળ બન્યું છે.

ભુજ શહેરમાં ગઈકાલે તાપમાન 43 ડિગ્રી સુધી પહોંચ્યું છે. હવામાન વિભાગે હજુ એક દિવસ રેડ એલર્ટની ચેતવણી યથાવત રાખી છે.

---------------------------------------------------------------------------